# પત્રક ભાગ–૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

**બુધવાર, તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬**

## ૨૩૬. રાજ્યપાલશ્રીનું સંબોધન

### (૧) સંબોધન માટેનો કાર્યક્રમ

(ક) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, સોમવાર, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ગાંધીનગરમાં આવેલ વિધાનસભાગૃહમાં ગુજરાત વિધાનસભાને સંબોધન કરશે.

(ખ) રાજ્યપાલશ્રી વિધાનસભાના મકાનમાં પૂર્વ બાજુના પ્રવેશદ્વારથી સવારના ૧૧–૫૮ વાગ્યે ભોંયતળિયે આવી પહોંચશે અને અધ્યક્ષશ્રી સાથે લીફ્ટ દ્વારા બીજા માળે પહોંચી ત્યાંથી તેઓ, માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી તથા વિધાનસભાના સચિવશ્રી સાથે ગૃહના પૂર્વ તરફના મુખ્ય દ્વારેથી સભાગૃહમાં પ્રવેશ કરશે.

(ગ) રાજ્યપાલશ્રી સભાગૃહમાં પ્રવેશ કરે તે પહેલાં પાંચ મિનિટે એટલે કે ૧૧–૫૫ વાગ્યે દરેક સભ્યશ્રીને પોતાની બેઠક લેવા વિનંતી છે.

(ઘ) રાજ્યપાલશ્રીના સંબોધન દરમિયાન કોઈ સભ્યશ્રી પોતાની બેઠક છોડે નહીં તેવી વિનંતી છે. રાજ્યપાલશ્રી સંબોધન પૂરું કરીને સભાગૃહમાંથી વિદાય લે ત્યારપછી જ સભ્યશ્રીઓ સભાગૃહ છોડે તેવી વિનંતી છે.

(ચ) રાજ્યપાલશ્રીએ સભાગૃહમાંથી વિદાય લીધા પછી પંદર મિનિટનો વિરામ રહેશે અને ત્યારબાદ સભાગૃહની બેઠક મળશે.

### (૨) રાજ્યપાલશ્રીના સંબોધનની નકલોની વહેંચણી

રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરુ થયા બાદ વિધાનસભાના સચિવશ્રી સંબોધનની નકલ વિધાનસભાના મેજ ઉપર મૂકશે અને ત્યારબાદ તેની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી નકલોની PDF દરેક સભ્યશ્રીને તેઓશ્રીના નેવા એકાઉન્ટમાં તથા વિધાનસભાગૃહમાં તેમના E-Book પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. સર્વે સભ્યશ્રીઓ સંબોધનની PDF ગુજરાત વિધાનસભાની નેવા વેબસાઇટ પરથી પણ મેળવી શકશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**